# સાતમા પગાર પંચના ભથ્થાઓના ઠરાવ જાહેર

### ઘરભાડા ભથ્થુ, મેડીકલ, ટ્રાન્સપોર્ટ અને સીએલએ વધ્યુ : અન્ય ઠરાવો પણ જાહેર : બધા જ ઠરાવો ૧-૧૦-૨૦૨૨થી અમલી બનશે

ગાંધીનગર, તા. ૨૪

સરકારી કર્મચારીઓએ કરેલા આંદોલન બાદ સરકારે સ્વીકારેલી કેટલીક માંગણી બાબતના ઠરાવો સરકારે જાહેર કર્યા છે. સાતમા પગાર પંચના બાકી હપ્તાઓથી લઈને અન્ય માંગણીઓ સંદર્ભના ઠરાવોનો અમલ ૧-૧૦-૨૦૨૨થી કરવામાં આવશે. સાતમા પગાર પંચ મુજબના ભથ્થાઓ મળતા કર્મચારીઓના પગારમાં પાંચથી દસ હજાર જેટલો વધારો થઈ શકે છે.

ચૂંટણી પહેલા વિવિધ માંગણીઓને લઈને આંદોલને ચઢેલા સરકારી કર્મચારીઓના રોષને ઠારવા સરકારે આંશિક માંગણીઓ સ્વીકારી હતી. સરકારે લગભગ પંદરેક જેટલી માંગણીઓનો સ્વીકાર કરતા સરકારી કર્મચારીઓના રોષને ઠારવામાં થોડા ઘણાં અંશે સફળતા મેળવી હતી. સાતમા પગાર પંચનો સરકારે છેક ૨૦૧૬માં સ્વીકાર કર્યો હતો પરંતુ તેમાં માત્ર બેઝીક પે અને ડીએ જ સાતમા પગાર પંચ મુજબ મળતુ હતુ. અન્ય તમામ ભથ્થાઓ છઠ્ઠા પગાર પંચ પ્રમાણે મળતા કર્મચારીઓને મોટુ આર્થિક નુકશાન ભોગવવુ પડતુ હતુ. આંદોલન બાદ ભથ્થાઓનો સ્વીકાર કરાતા હવે સરકારી કર્મચારીઓના પગારમાં પાંચથી દસ હજારનો વધારો થઈ શકે છે. સૌથી મોટો ફાયદો ઘરભાડા ભથ્થામાં થશે. શહેરોની કેટેગરી પ્રમાણે કર્મચારીઓને બેઝીક પે ના ૮ થી ૨૪ ટકા જેટલુ ઘરભાડા ભથ્થુ મળશે. જ્યારે સ્થાનિક વળતર ભથ્થુ (સીએલએ)માં ૧૧૦ થી ૩૬૦ રૂ. જેટલુ શહેર મુજબ મળશે. ટ્રાન્સપોર્ટ એલાઉન્સના દરોમાં પણ વધારો કરાયો છે. વિવિધ શહેરો અને કર્મચારીઓના પગાર ધોરણ મુજબ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ રૂ. ૯૦૦થી ૭૨૦૦ જેટલુ મળશે. આ ઉપરાંત આકસ્મિક અવસાન કિસ્સામાં ઉચ્ચક રકમમાં વધારો, પ્રેગન્સી લીવ, સીસીસી પરીક્ષા, કોમ્યુટેડ પેન્શન બાબતના સુધારાના ઠરાવો પણ આજે જ જાહેર થઈ જતાં કર્મચારીઆલમમાં આનંદ ફેલાયો છે. આ બધા જ ઠરાવોનો અમલ ૧-૧૦-૨૦૨૨ની અસરથી લાગુ પડશે.

# હવે, ૫૦ હજારથી વધુ ખર્ચની પાણીની યોજનાઓ વાસ્મો દ્વારા કરાવવાની રહેશે

### જલજીવન મિશન કાર્યક્રમની સમીક્ષા થયેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૪

૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી રૂ. ૫૦ હજારથી વધુ કિંમતના પાણીની યોજનાના કામો હવે વાસ્મો દ્વારા કરાવવાના રહેશે.

તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમારની અધ્યક્ષતામાં જલજીવન મિશન કાર્યક્રમની સમીક્ષા થયેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ગ્રામ્યસ્તરના રૂ. ૫૦ હજાર ઉપરની રકમના હાથ ધરવાના કામોના કિસ્સામાં ગ્રામપંચાયત તરફથી માંગણી રજુ થયેલી વાસ્મોની સંબંધિત ક્ષેત્રીય કચેરી દ્વારા ગ્રામ પંચાયતના કામો હાથ ધરવા માટે ટેકનીકલ સપોર્ટ અને સુપરવિઝન પુરૂ પાડશે.

વાસ્મોની કચેરી દ્વારા યોજનાને સતત તમામ પ્રકારની તાંત્રિક માર્ગદર્શન, નકશા અંદાજો તાંત્રિક મંજૂરી સક્ષમ કક્ષાએથી આપી અમલીકરણ કરવાનું રહેશે.

**ગ્રામ્યસ્તરના રૂ. ૫૦ હજાર ઉપરની રકમના હાથ ધરવાના કામોના કિસ્સામાં ગ્રામપંચાયત તરફથી માંગણી રજુ થયેલી વાસ્મોની સંબંધિત ક્ષેત્રીય કચેરી દ્વારા ગ્રામ પંચાયતના કામો હાથ ધરવા માટે ટેકનીકલ સપોર્ટ અને સુપરવિઝન પુરૂ પાડશે.**

આ કામો પેટે વાસ્મોને ૫ ટકા રકમ ટેકનિકલ સપોર્ટ અને સુપરવિઝન પેટે ચુકવવાની રહેશે.

સોર્સના કામો જેવા કે બોર/હેન્ડપંપ માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત પાણી પુરવઠા બોર્ડ દ્વારા મંજૂર કરેલ રેટ કોન્ટ્રેક્ટના ભાવોને માન્ય ગણી રેટ કોન્ટ્રાક્ટ વાળી એજન્સી પાસેથી પણ કામો હાથ ધરી શકાશે.

હાલ વાસ્મોના કર્મચારીઓ પગાર વધારાની માંગણી સાથે આંદોલન કરી હડતાલ પર હોવાથી જલમિશનની કામગીરી પણ લગભગ બંધ પડી છે. આ કર્મચારીઓ છેલ્લા એક સપ્તાહથી હડતાલ પર છે.

નલ સે જલની કામગીરી પણ ખોરવાઈ છે. હવે ગ્રામીણ વિસ્તારમાં પાણીની કામગીરી વાસ્મો દ્વારા કરાવવાના નિર્ણય પછી ગ્રામ્ય વિસ્તારમાં પ્રશ્નો વધશે તેવી ચર્ચા પણ પંચાયતીરાજ વ્યવસ્થામાં શરૂ થઈ છે. ખાસ કરીને ડાર્કઝોન વિસ્તારના જિલ્લાઓમાં આ સમસ્યા વધશે.



કુમકુમ કેરા પગલા - મા-આદ્યશક્તિની આરાધનાનું પર્વ નવરાત્રી મહોત્સવની તૈયારીઓ પૂર્ણતાના આરે છે... બસ હવે તો માતાજીના આગમનની રાહ જોવાઈ રહી છે... ચાચર કોચમાં માતાજીની સાથે સાથે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમશે... તો બીજી તરફ આદ્યશક્તિની આરાધનાના આ પર્વે પારંપારિક રીતે ઘેર ઘેર માતાજીના ગરબાનું સ્થાપન કરવામાં આવે છે.... માતાજીના ગુણલા ગવાય છે... અલૌકિક આનંદ સાથે નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવે છે... પારંપારિક ગરબાનું બજારમાં ધૂમ વેચાણ થઈ રહ્યું છે.... કલાકારો દ્વારા ગરબાને વિવિધ ડિઝાઈન અને રંગોથી સજાવવામાં આવી રહ્યા છે...

# જિલ્લા પંચાયતના ઉપપ્રમુખની ચેમ્બરનો વિવાદ જૈસે થે રહેતાં સભ્યોમાં ગણગણાટ

### વધુ એક વખત ઉપપ્રમુખની ચેમ્બરનો છેક મોં પર આવેલો કોળિયો છીનવાઈ જવા પામ્યો છે : જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ વચ્ચે આમેય શીતયુદ્ધ ચાલી રહ્યુ છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ઉપપ્રમુખની ચેમ્બરના વિવાદનો અંત હજુ આવ્યો ન હોવાથી સભ્યોમાં પણ ગણગણાટ વધવા પામ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખની ચેમ્બર છેલ્લા એક વર્ષથી નથી. તેઓ પ્રમુખ કાર્યાલયમાં પ્રમુખની સાથે બેસી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં આંકડા અને મહિલા બાળ-વિકાસ શાખાના રિનોવેશન પછી તેમને ચીટનીસ વાળી ચેમ્બર મળશે તેવુ સૌને હતુ પરંતુ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ કચેરી મહેકમ પ્રભાગ સાથે બેસતી મહેસુલ શાખાને ફાળવી દેવામાં આવી છે. વધુ એક વખત ઉપપ્રમુખની ચેમ્બરનો છેક મોં પર આવેલો કોળિયો છીનવાઈ જવા પામ્યો છે.

જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ વચ્ચે આમેય શીતયુદ્ધ ચાલી રહ્યુ છે. ઉપપ્રમુખે મોટુ મન રાખી નાયબ જિલ્લા વિકાસ અધિકારીને બેસવા માટે તેમની ચેમ્બર ફાળવી આપવા કરેલી વિનંતી પછી હવે છેલ્લા એક વર્ષથી તેઓ ચેમ્બર વિના ફરે છે.

જિલ્લા પંચાયતમાં ચેમ્બરના અભાવે ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાએ હવે માત્ર પ્રસંગોપાત જ પંચાયતમાં હાજરી આપવાનું મન બનાવી લીધુ છે. જો કે પંચાયતમાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે જે શીતયુદ્ધ ચાલે છે તેમાં આ ચેમ્બર પણ એક મુદ્દો છે.

જિલ્લા પંચાયત સંકુલ આમેય ચેમ્બરો અને જગ્યા ખુબ જ નાની પડી રહી છે નવા બિલ્ડીંગની જગ્યાને લઈ શરૂ થયેલા વિવાદ પછી હજુ કોઈ ઉકેલ ન આવતાં રાજકારણમાં પણ આ મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે. વિપક્ષી નેતાને પણ પંચાયતમાં પહેલીવાર ચેમ્બર ફાળવવામાં આવી નથી.

જો કે વહીવટીય પાંખના સૂત્રો કહી રહ્યા છે કે તમામ ચેરમેનનોને ચેમ્બર ફાળવવી શક્ય નથી અને પંચાયત ધારામાં પણ આ અંગેની કોઈ સ્પષ્ટ જોગવાઈઓ નથી.

જિલ્લા પંચાયતમાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના વિવાદનો પડઘો પ્રદેશકક્ષાએ પણ પહોંચ્યો છે પરંતુ પ્રદેશ નેતાગીરી હાલ વધુ કંઈ વધે નહિ અને સૌને સાથે રાખી ચાલવાની નીતિ અખત્યાર કરવાની જિલ્લાના નેતાઓને શીખ આપી સલામત કિનારો કરી લીધો છે.

# જિલ્લામાં કોરોનાના નવા ૪ કેસ નોંધાયા

### શહેરમાં ૩ મહિલા દર્દી નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ તાલુકામાં ૨૨ વર્ષીય યુવાનનું સારવાર દરમ્યાન મોત થયુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ દિવસથી પણ વધુ સમય બાદ કોરોનાથી એક દર્દીનું મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અગાઉ કલોલના રકનપુરમાં એક દર્દીનું મોત નીપજ્યુ હતુ. આજે દહેગામ તાલુકાના શક્તિપુરા ગામે ૨૨ વર્ષીય યુવાનનું કોરોનાની સારવાર દરમ્યાન મોત થયુ છે. યુવાન દર્દીનું સારવાર દરમ્યાન મોત થતાં સમગ્ર તાલુકામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો વધુ એક અને ગાંધીનગર શહેરમાં વધુ ૩ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલ ચડાવ-ઉતારને લઈ તંત્રમાં ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટ સ્પોટ બનેલ અડાલજ ગામેથી ૪૨ વર્ષીય પુરષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૭૬ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ ૩ એ દર્દી મહિલા છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલ ૩ કેસમાં બે કેસ વી.વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં નોંધાયા છે. ચોથી લ્હેરમાં સે. ૧૯ પણ સંવેદનશીલ વિસ્તાર બનીને ઉભરી આવ્યુ છે. શહેરમાં ત્રીજો કેસ સે. ૩૦માં નોંધાયેલ છે. આજે નોંધાયેલા કેસના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

## સે. ૧માં ૭૪ વર્ષીય મહિલા સ્વાઈન ફ્લુમાં પટકાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુનો વધુ એક કેસ નોંધાયો છે. શહેરમાં આ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૮૨ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ કેસ નોંધાયા છે. આમ જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસ ૧૦૦ પર પહોંચ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે સેક્ટર-૧માં રહેતી ૭૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો સતત વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં હાલ ૩૦થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કહેર વચ્ચે સ્વાઈન ફ્લુ અને વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે. તંત્રએ સર્વેલન્સ સઘન કરવા પર ભાર મુક્યો છે.



સરકારના પ્રયત્નો છતાં હજુ આંદોલનો અટકવાનું નામ નથી લેતા. રજાના દિવસે પણ આંદોલનકારીઓના દેખાવો ચાલુ રહ્યા હતા. અર્ધલશ્કરી દળના જવાનોએ માર્ચ સાથે સૂત્રોચ્ચાર કરતા નજરે પડ્યા હતા. આ ઉપરાંત અર્ધ લશ્કરી દળના જવાનોએ પોતાની માંગણીઓ સાથે સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં પ્રદર્શન કર્યુ હતુ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા દિવ્ય અને ભવ્ય નવરાત્રી મહોત્સવ યોજાશે

### સેક્ટર - ૧૧માં વિશાળ ડસ્ટ-ફ્રી ગ્રાઉન્ડમાં ૧૦,૦૦૦ ખેલૈયાઓ મન મૂકીને રમી શકે એવું આયોજન : જીસીએફ ગરબા ગ્રાઉન્ડમાં યાત્રાધામ અંબાજીથી આવેલી અખંડ જ્યોત પ્રજ્વલિત રહેશે : મુખ્ય મંચ પર માતાજીની ૧૨ ફૂટ ઉંચી મૂર્તિની સ્થાપના કરાશે



ગાંધીનગર, તા.૨૪

આવનારી પેઢીમાં પરંપરા, સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન થાય એવા ઉદ્દેશ સાથે મા આદ્યશક્તિની આરાધનાનું પર્વ-નવરાત્રી મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવવા ગાંધીનગર કલ્ચરલ ફોરમે ગાંધીનગરની મધ્યમાં - સેન્ટ્રલ વિસ્ટા પાસે, LIC ઑફિસ સામે, સેક્ટર-૧૧ના વિશાળ મેદાનમાં દિવ્ય અને ભવ્ય આયોજન કર્યું છે. નવરાત્રી મહોત્સવના વિશિષ્ટ આયોજનથી – ગરબાથી વિશ્વગગનમાં ગાંધીનગરની આગવી ઓળખ ઊભી કરવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ પ્રયત્નશીલ છે. કોરોનાકાળના બે વર્ષ પછી નવરાત્રીના ગરબા યોજાઈ રહ્યા છે એટલે નાગરિકો અને ખેલૈયાઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ છલકાઈ રહ્યો છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ નવલી નવરાત્રી- ૨૦૨૨ના વિશિષ્ટ આયોજન અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, નવરાત્રી મહોત્સવના આયોજનમાં ભવ્યતાની સાથે સાથે દિવ્યતા માટે વિશેષ પ્રયત્નો થઈ રહ્યા છે. ખેલૈયાઓ મોકળાશથી પરંપરાગત રીતે ગરબે રમી શકે એ માટે ૩ લાખ ચો.ફૂટનું વિશાળ મેદાન સજાવાઈ રહ્યું છે. એકી સાથે ૧૦,૦૦૦ ખેલૈયાઓ ગરબા રમી શકે એવું વિશાળ ડસ્ટ ફ્રી ગરબા ગ્રાઉન્ડ તૈયાર કરાયું છે.

છેલ્લા ૩૪ વર્ષથી ગાંધીનગરથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના સભ્યો પવિત્ર યાત્રાધામ અંબાજીથી જ્યોતિ સ્વરૂપ મા અંબાજીને ગાંધીનગર લાવે છે. માતાજીની આ જ્યોતની ભવ્ય શોભાયાત્રા નવરાત્રી મેદાનમાં પહોંચશે અને ત્યાં માતાજીની જ્યોતનું પવિત્રતાપૂર્વક સ્થાપન કરાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાના પ્રવેશદ્વારમાં ગરબા અને ચાકડાથી ગામઠી સજાવટ કરવામાં આવી છે. મુખ્ય મંચ પર મા જગદમ્બાની ૧૨ ફૂટ ઊંચી પ્રતિમાનું સ્થાપન કરાશે. સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવવા વિશેષ પ્રયત્નો હાથ ધરાયા છે. નવરાત્રીના લોકમહોત્સવને નાગરિકો પરિવાર સાથે મનભરીને માણી શકે તે માટે વિવિધ વાનગીઓ ના ૨૬ જેટલા ફૂડસ્ટોલ્સ આકાર લઈ રહ્યા છે.

ગાંધીનગરના અને ગાંધીનગરની બહાર સ્થાયી થયેલા તમામ નાગરિકોને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક પધારવા તથા મા આદ્યશક્તિની આરાધનાનું આ પર્વ ભક્તિભાવ પૂર્વક ઊજવવા સૌને ભાવભીનું નિમંત્રણ છે.

## આ વખતે પહેલી આરતી પણ યાદગાર બનશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાના પ્રથમ દિવસે સુપ્રસિદ્ધ જામખંભાળીયાનું કલાવૃંદ ખાસ આરતી માટે આવી રહ્યું છે. પ્રથમ નોરતે સાંજે ૭.૩૦ કલાકે યોજાનાર આરતી દરમ્યાન આ કલાવૃંદના ૧૬ કલાકારો માથે આરતી લઈને આરતી રમશે. આ કલાકારો માથે ઘડા લઈને આરતી દરમ્યાન પરફોર્મ કરશે. ઉલ્લેખનીય છેકે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાના પ્રવેશદ્વારમાં ગરબા અને ચાકડાથી ગામઠી સજાવટ કરવામાં આવી છે.

## સમગ્ર વિશ્વમાં જીવંત પ્રસારણ કરાશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું ગાંધીનગર કલ્ચરલ ફોરમની YouTube ચેનલ (Gandhinagar Cultural Forum) પરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા વિશ્વના તમામ નાગરિકો લાઈવ નિહાળી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનું ચાર વેબસાઈટ પરથી વેબકાસ્ટીંગ કરાશે. વિદેશમાં વસતા ગાંધીનગરાઓ પણ યુ-ટ્યૂબ દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનો આનંદ માણે છે.

## પારંગત ગરબા ગાયકો પરંપરાગત ગરબાથી આંગણું ગજવશે

| | | |
|---|---|---|
| પહેલું નોરતુ | (તા. ૨૬-૦૯-૨૦૨૨) | : સમીર રાવલ – માના રાવલ |
| બીજું નોરતુ | (તા. ૨૧-૦૯-૨૦૨૨) | : પ્રહર વોરા |
| ત્રીજું નોરતુ | (તા. ૨૮-૦૯-૨૦૨૨) | : દિપ્તિ દેસાઈ - અમિત ઠક્કર |
| ચોથું નોરતુ | (તા. ૨૯-૦૯-૨૦૨૨) | : હિમાલી વ્યાસ નાયક |
| પાંચમું નોરતુ | (તા. ૩૦-૦૯-૨૦૨૨) | : આશિતા પ્રજાપતિ - અમિપ પ્રજાપતિ |
| છઠ્ઠુ નોરતુ | (તા. ૦૧-૧૦-૨૦૨૨) | : હિમાલી વ્યાસ નાયક |
| સાતમું નોરતુ | (તા. ૦૨-૧૦ ૨૦૨૨) | : દિપ્તી દેસાઈ - અમિત ઠક્કર |
| આઠમું નોરતું | (તા. ૦૩-૧૦-૨૦૨૨) | : ગોલ્ડન ચિયર્સ |
| નવમા નોરતું | (તા. ૦૪-૧૦-૨૦૨૨) | : દર્શના ગાંધી - રિશીન સૈરેયા |

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com